અગત્યનું

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/TST/2022/03
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.09/12/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST) બાબત
સંદર્ભ:- અત્રેની કચેરીના શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર વર્ષ-2022-23

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-9 ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે આયોજિત થતી પ્રખરતા શોધ કસોટી ચાલુ વર્ષે **તા.07/02/2023** ના રોજ લેવામાં આવનાર છે.

પ્રખરતા શોધ કસોટી અંગેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

1. પ્રખરતા શોધ કસોટીના ફોર્મ તા.15/12/2022 થી તા.30/12/2022 દરમ્યાન ઓનલાઈન ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.
2. આ પરીક્ષામાં OMR શીટમાં બારકોડ સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-10/12ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા ઝીરો-વન પત્રકના નમૂના મુજબ હાજરી પત્રકનો ઉપયોગ કરવામાં આવશે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટ જમા કરાવવા માટે બોર્ડ દ્વારા સ્વીકાર કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવશે.
4. પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર- 1 | ગુજરાતી | 30 | 30 | 120 મિનિટ |
| | અંગ્રેજી | 30 | 30 | |
| | સામાજિક વિજ્ઞાન | 30 | 30 | |
| | સામાન્ય જ્ઞાન | 10 | 10 | |
| | કુલ | **100** | **100** | |
| પ્રશ્નપત્ર- 2 | ગણિત | 40 | 40 | 120 મિનિટ |
| | વિજ્ઞાન | 40 | 40 | |
| | માનસિક ક્ષમતા | 20 | 20 | |
| | કુલ | **100** | **100** | |

5. પરીક્ષા MCQ (OMR પદ્ધતિ) મુજબ લેવામાં આવશે.
6. આ કસોટીના પ્રશ્નપત્રમાં 1 થી 100 પ્રશ્નો આપેલા હોય છે. તમામ પ્રશ્નો ફરજીયાત છે. દરેક સાચા પ્રશ્નનો 1 (એક) ગુણ છે. પ્રત્યેક સાચા પ્રત્યુત્તરનો 1 ગુણ મળશે. પ્રત્યેક ખોટા પ્રત્યુત્તર માટે ⅓ ગુણ કપાશે.
7. પ્રખરતા શોધ કસોટીનો અભ્યાસક્રમ ધોરણ-9 ની કક્ષા પમાણે રહેશે.
8. પ્રખરતા શોધ કસોટીના પ્રશ્નપત્ર-1 માટેનો સમય સવારે 11:00 કલાક થી 01:00 કલાક અને ત્યારબાદ એક કલાકની રીસેસ રહેશે અને બપોરે 02:00 કલાક થી 04:00 કલાક દરમ્યાન પ્રશ્નપત્ર-2 લેવામાં આવશે.
9. પ્રખરતા શોધ કસોટીની ફી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.100/- અને વિદ્યાર્થીનીઓ, SC, ST, OBC કેટેગરીના ઉમેદવારો તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂ.80/- રહેશે.
10. પ્રશ્નપત્ર-1 અને પ્રશ્નપત્ર-2ના કુલ 200 ગુણમાંથી પર્સન્ટાઇલ પ્રમાણે પ્રથમ 1000 વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ.1000/- પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીની ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો. આ કસોટીમાં ધોરણ-9ના મહત્તમ વિદ્યાર્થીઓ ઉપસ્થિત થાય તે માટે શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી આ અંગે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

1. માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર